| सौराष्ट्र युनिवर्सिटी<br>सौराष्ट्र युनिवर्सिटी कार्यालय<br>युनिवर्सिटी रोड<br>राजकोट - ३६०००५ | SAURASHTRA UNIVERSITY<br>Re-Accredited Grade "A" by NAAC | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય<br>યુનિવર્સીટી રોડ,<br>રાજકોટ - ૩૬૦ ૦૦૫ |
|---|---|---|
| PHONE :- 0281 - 2578501 | EXT. NO. *111 | FAX :- 0281 - 2586411 |
| website :- www.saurashtrauniversity.edu | | E-mail id :- phyedu@sauuni.ac.in |


વિષય :- આગામી તા.૨૧ જુન ૨૦૧૯ નાં રોજ "ઇન્ટરનેશનલ ડે ઓફ યોગા" ની ઉજવણી કરવા બાબત.

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ તેમજ યુનિવર્સિટીનાં સર્વે વિભાગના વડાશ્રીઓને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે તા.૨૧ જુન ૨૦૧૯ને યુનાઈટેડ નેશન્સ ઓર્ગેનાઈઝેશન દ્વારા "ઇન્ટરનેશનલ ડે ઓફ યોગા" તરીકે જાહેર કરવામાં આવેલ છે. દેશના નાગરિકોમાં યોગ વિશેની જાગૃતિ વધે તે હેતુથી સમગ્ર દેશમાં ભારત સરકારશ્રી દ્વારા આ દિવસે મોટા પાયે ઉજવણી કરવાનું આયોજન કરેલ છે. યોગનાં મહત્વથી સમાજના દરેક ઉંમરના વ્યક્તિને માહિતગાર કરી, સામાજીક જનજાગૃતિ આવે અને માનવ વિકાસ સાથે સ્વાસ્થ્યપુર્ણ જીવન માટે યોગ જીવનચર્યાનો ભાગ બનાવવાનું આયોજન છે.

ઉપર્યુકત કાર્યક્રમને સફળતાપૂર્વક ઉજવવા માટે અત્રેની યુનિવર્સિટી દ્વારા **તા.૦૨/૦૫/૨૦૧૯ થી તા.૨૦/૦૬/૨૦૧૯ દરમ્યાન ૫૦ (પચાસ) દિવસ માટે સર્વે શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કમર્ચારી ભાઈઓ તથા વિદ્યાર્થી ભાઈઓ માટે સવારના ૧૦:૩૦ થી ૧૧:૧૫ કલાક સુધી અને સર્વે શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કમર્ચારી બહેનો તથા વિદ્યાર્થીની બહેનો માટે સાંજના ૦૫:૦૦ થી ૦૫:૪૫** કલાક દરમ્યાન સ્વામી વિવેકાનંદ ઇન્ડોર સ્ટેડીયમ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે વિવિધ યોગાસનોનું નિદર્શન તેમજ તાલીમનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૧૮/૦૬/૨૦૧૯ થી તા.૨૦/૦૬/૨૦૧૯ દરમ્યાન ૦૩ (ત્રણ) દિવસ માટે સર્વે કર્મચારી ભાઈઓ-બહેનો સતામંડળનાં સભ્યશ્રીઓ, વિધાર્થીઓ હાજરી આપે તે પ્રમાણે વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન રાજકોટ શહેર સ્થિત સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ તેમજ યુનિવર્સિટીનાં સર્વે વિભાગના વડાશ્રીઓને વધુમાં જણાવવામાં આવે છે કે તા. ૨૧ જુન ૨૦૧૯ને શુક્રવારનાં રોજ સવારનાં ૦૭:૦૦ થી ૦૭:૪૫ કલાક સુધી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે મુખ્ય રંગમંચની સામે યોગ દિવસની ઉજવણીનાં ભાગ રૂપે સર્વે કર્મચારી ભાઈઓ-બહેનો, સતામંડળનાં સભ્યશ્રીઓ, વિધાર્થી ભાઈઓ-બહેનોએ યોગ શિબિરમાં હાજરી આપવાની રહેશે.

તાલીમની વધુ માહિતી માટે શ્રી વિક્રમ વંકાણી શારીરિક શિક્ષણ અનુસ્નાતક ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. (મો.૯૮૨૫૬ ૦૫૦૨૦) અને શ્રી શીતલબેન જાની (મો.૯૪૨૮૦ ૦૩૪૯૩) નો સંપર્ક કરવો.

શિબિરમાં ઉપસ્થિત રહેનાર શિબિરાર્થીઓ માટે સામાન્ય સુચનો નીચે મુજબ છે.

(૧) કાર્યક્રમ નિયત સમયે શરૂ થઈ શકે તે હેતુથી યોગ શિબિરાર્થીઓએ સવારનાં ૦૬:૩૦ કલાકે પોતાનું સ્થાન ગ્રહણ કરી લેવાનું રહેશે.

(૨) શિબિરાર્થીઓએ સવારે ખાલી પેટે આવવું.

(૩) શિબિરાર્થીઓએ ૬×૪ ફૂટની શેતરંજી/આસન પટ્ટો તથા નેપકીન સાથે લાવવાનું રહેશે.

(૪) શિબિરાર્થીઓએ યોગ થઈ શકે તે પ્રકારનો ખુલતો પોષાક પહેરવો સલાહનીય છે.

(૫) મહિલાઓએ યોગ ક્રિયાને અનુકુળ રહે તે માટે પંજાબી ડ્રેસ પહેરવો સલાહનીય છે.

(૬) શિબિરાર્થીઓએ જો અનુકુળ અને ઉપલબ્ધ હોય તો સફેદ વસ્ત્રો પહેરવા.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસનાં કાર્યક્રમની ભવ્ય ઉજવણી થાય તે માટે ભવન અને વિભાગનાં સર્વે કર્મચારીઓ ફરજીયાત પણે શિબિરમાં હાજર રહે તેમજ વિધાર્થીઓ પણ યોગની શિબિરમાં જોડાય તે માટે સર્વે અધ્યક્ષશ્રીઓ/અધિકારીશ્રીઓને યોગ્ય વ્યવસ્થા ગોઠવવા જણાવવમાં આવે છે.

નં.શા.શી./ ઇન્ટરનેશનલ ડે ઓફ યોગા/૧૪/૨૦૧૯
શારીરિક શિક્ષણ વિભાગ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ.
તા.૧૧/૦૬/૨૦૧૯.

કુલસચિવ

પ્રતિ,

(૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન રાજકોટ શહેર સ્થિત સર્વે કોલેજોનાં આચાર્યશ્રીઓ,

(૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંચાલીત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ.

(૩) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ના જુદા જુદા વિભાગ ના વડાઓ.

(૪) કોમ્પ્યુટર સેન્ટર, (સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વેબસાઈટ પર પ્રસિદ્ધ અર્થે,)

<u>નકલ રવાના સારૂ.</u>

(૧) માન કુલપતિશ્રી ના અંગત સચિવશ્રી.

(૨) માન ઉપકુલપતિશ્રી ના અંગત સચિવશ્રી.

(૩) કુલસચિવશ્રી ના અંગત સચિવશ્રી.